Publication - Nest Time
Edition - Ahmadabad
Date - 07.10.2011
Page - 03

Readership figures: 15,000

# આઈશર દ્વારા ૧૦ અદ્યતન સીટી બસ રજૂ કરવામાં આવી



ગાંધીનગર/અમદાવાદ : વીઈસીવીના બિઝનેસ ક્ષેત્ર આઈશર ટ્રક્સ એન્ડ બસીઝ દ્વારા ગુજરાત રાજ્ય રોડ ટ્રાન્સપોર્ટને ૧૦ રિઅર એન્જિન સેમી લો ફલોર (આરઈએસએલએફ)નો પ્રથમ જથ્થો સુપરત કરવામાં આવ્યો છે.

આઈશર ટ્રેક્સ એન્ડ બસીઝના સેલ્સ એન્ડ માર્કેટીંગના સીનીયર વાઈસ પ્રેસીડન્ટ શ્રી જી. સેકરે આ વાહનોની ચાવીઓ ગુજરાત સરકારના નાણાં અને પરિવહન મંત્રી માનનીય શ્રી વજુભાઈ વાંઝાને ગાંધીનગર ખાતે જીએસઆરટીસીમાં આયોજીત એક ભવ્ય સમારંભમાં સુપરત કરી હતી.

શ્રી સેકરે જણાવ્યું હતું કે,'અમે ગુજરાત રાજ્ય સરકાર અને ખાસ કરીને અમારામાં વિશ્વાસ મુકનાર જીએસઆરટીસી મેનેજમેન્ટના આભારી છીએ, જેમણે અમને રાજયના માફખાગત વિકાસમાં સસહયોગી બનવા માટે તક આપી.'

આ આધુનિક સીટી બસોમાં પાછ્ળની બાજુએ એન્જિન છે અને તેનું ફલોર નીચું રાખવામાં આવ્યું છે, જેથી પ્રવાસીઓને બસમાં ચડ ઉતર કરવામાં અને પ્રવાસમાં આસાની રહે છે. તેમાં એક કે બે પગથિયાં જ હોવાથી લોકો આસાનીથી બસમાં ચડઉતર કરી શકે છે. તેનાથી બસને થોભવાનો સમય પણ ઘટે છે.

વર્ષ ૨૦૧૦માં આયોજિત ઓટો એક્સ્પોમાં આઈશરે તેની રિઅર એન્જિન સેમી લો ફલોર સીટી બસનું મોડેલ પ્રથમ વખત રજૂ કર્યુ હતું. આ બસ ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયની જેએનએનયુઆરએમ યોજનાની માર્ગદર્શિકા અનુસાર તૈયાર કરવામાં આવી છે. આઈશર દ્વારા સીટી બસ સીગમેન્ટમાં જીએસઆરટીસી દ્વારા ૨૦ બસોનો ઓર્ડર પ્રાપ્ત કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે,'આ કાર્યક્રમ દ્વારા આઈશરની મધ્યમ અને ભારે કામગીરી માટેની બસોમાં સફ્ફતા દર્શાવવાનો હેતુ છે. આ વર્ષની શરૂઆતમાં આઈશરે તેની ફ્ન્ટ એન્જિન હેવી ડ્યુટી બસીસના સુધારેલા મોડેલ રજૂ કર્યા હતા.

આઈશર દ્વારા તેનુ નવું મોડેલ આઈશર ૧૧.૧૨ રજૂ કરવામાં આવ્યું છે જે ૧૨ ટન જીવીડબલ્યુ-૪૬૫૦ એમએમ વ્હીલબેઝ પ્લેટફોર્મ ધરાવે છે. બસ ઉદ્યોગે વર્ષ ૨૦૧૧માં પ્રથમ ૯ મહિનામાં ૮ ટકા જેટલો ઘટાડો અનુભવ્યો હોવા છતાં આઈશર બસોના માર્કેટ શેર આ જ ગાફામાં ૩૨ ટકા રહ્યો છે.